## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# સેકટર-૧૭ એકઝીબેશન સેન્ટર ખાતે ૧૦ બેડની હોસ્પિટલ ઉભી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં ડિફેન્સ એકસ્પોનું તા.૧૮ મી થી આયોજન કરવામાં આવ્યું છે. ડિફેન્સ એકસપો મહાત્મા મંદિર, સેકટર-૧૭ એકઝીબિશન હોલ તેમજ સેકટર-૧૧ ખાતે પણ સુંદર શામિયાણો તૈયાર કરાયો છે. આ એકસ્પોમાં મોંઘેરા મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. જેથી શહેરનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તે ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા પણ ખાસ ધ્યાન રાખીને વિવિધ જગ્યાઓ પર મેડીકલ ટીમ સહિત એકઝીબિશન સેન્ટર પર ૧૦ બેડની હોસ્પિટલ અને મહાત્મા મંદિર ખાતે પાંચ બેડ સહિત બે આઈસોલેશન વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પણ બેઝ હોસ્પિટલ ઉભી કરાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં આવતીકાલથી પાંચ દિવસ માટે ડિફેન્સ એકસ્પો યોજાવાનો છે. આ એકસ્પોમાં વીવીઆઈપી મહેમોનોને તેમના પ્રોટોકોલ મુજબ તેમના કાફલામાં મેડીકલ વાન તૈનાત રહેશે. પરંતુ સેકટર-૧૭ એકઝીબિશન સેન્ટર ખાતે આયોજીત એકસ્પોમાં હજ્જારો ભાઈ બહેનો ગાંધીનગર પધારશે. ત્યારે ખાસ આમંત્રિત નાગરીકોની સલામતી અને આરોગ્યની તકેદારી પણ તંત્ર દ્વારા લેવામાં આવી છે. જેમાં એકઝીબિશન સેન્ટર ખાતે ૧૦બેડની હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે.

જેમાં મેડીકલ ઓફિસર સહિત જરુરી નર્સિંગ અને પેરા મેડીકલ સ્ટાફ અને દવાનો સ્ટોક પણ રાખવામાં આવશે. મહાત્મા મંદિરમાં પણ મહેમાનો માટે પાંચ બેડની હોસ્પિટલ તેમજ બે બેડ ઓઈસોલેશન તરીકે રાખવામાં આવ્યા છે. જયારે રેલ્વે સ્ટેશન પરની હોટલમાં પણ મહાનુભાવોને આવવાના હોવાથી મેડીકલ ટીમ ખડેપગે હાજર રહેશે. જયારે ગાંધીનગર સિવિલમાં પણ બેઝ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હોવાથી તમામ વિભાગના એચઓડી ડોકટર્સની ટીમ રાઉન્ડ ધ કલોક હાજર રહેશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મનપાના નવનિયુક્ત કમિશનર સંદીપ સાંગલેએ આજે પદાધિકારીઓ સાથે ટુંકી મુલાકાત સાથે મનપાની કચેરીનો રાઉન્ડ લીધો હતો.

● આજે જી. એમ. ઈ. આર. એસ. હાલમાં યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન માઈકની વ્યવસ્થામાં અવરોધ ઉભો થયો હતો.

● ગાંધીનગર શહેરમાં હીટવેવને લઈ જનજીવન પર વિપરીત અસરો જોવા મળી રહી છે.

● સામાન્યતઃ ઓક્ટો. માં વીજમાંગમાં ઘટાડો નોંધાતો હોય છે પણ આ વર્ષે હજુ વીજ ઉપકરણોનો સતત ઉપયોગ કરી લોકો રાહત મેળવી રહ્યા છે.

● ડિફેન્સ એક્સ્પોને લઈ આજે 'ચ' રોડ અને 'ઘ' રોડ પર વારંવાર ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળ્યા હતા.

● ગાંધીનગર દ. બેઠકના પ્રભારી જયશ્રીબેન પટેલ દ્વારા બુથવાર બેઠકોનો સિલસિલો આરંભાયો છે.

● સરકારી વિનયન કોલેજમાં થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં મચ્છરોની ડેનસીટી વધતાં વાહકજન્ય રોગચાળો વકરવાનો ભય ઉભો થયો છે.

● પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલના માતુશ્રી કમળાબેનનું દુઃખદ અવસાન થયુ છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ત્રીસ જેટલા લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

● કમોસમી વરસાદથી થયેલા નુકશાનને લઈ રાજ્ય સરકાર ખેડૂતોને સહાયનું પેકેજ આપી શકે છે તેવા સંકેતો સચિવાલયમાંથી મળ્યા છે.

● દહેગામ પોલીસના બે હેડ કોન્સ્ટેબલની રાજસ્થાન એબીસીએ ધરપકડ કરી છે.

# સિવિલ કેમ્પસ ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું કામ પુરજોશમાં શરુ




ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલની બાજુમાં સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ બનવાની છે. ત્યારે હોસ્પિટલ અને ટ્રોમાં સેન્ટર માટે તંત્ર દ્વારા કામગીરી શરુ કરવામાં આવી છે. જેમાં ૬૦૦ બેડ થી લઈ પાર્કિંગ સુધી પતરાની આડશ કરી દેવામાં આવી છે. જયારે હાલ જરુરી સાફ સફાઈ તેમજ નડતરરૂપી ચીજવસ્તુઓ પણ દુર કરવામાં આવે છે. હાલ જગ્યા પર મશીનરી અને મેન પાવરનું કામ શરુ છે. ત્યારે હાલ પાર્કિંગમાં પડી રહેતા વાહન માલિકોને પણ ટુંક સમયમાં નવી જગ્યા પાર્ક કરવા માટે શોધવી પડશે.

## ચિલોડામાં વાહકજન્ય રોગચાળો ન ફેલાય તેના અગમચેતીરૂપે દવાનો છંટકાવ

ચિલોડા, તા. ૧૭

ચિલોડા વિસ્તારમાં ડેન્ગ્યુ અને વાહકજન્ય રોગચાળા, ઝેરી મેલેરિયાના છૂટાછવાયા કેસો સામે અગમચેતી અને સાવધાનીરૂપે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ફોગીંગ મશીનની સુવિધા ઉપલબ્ધ કરતાં ચિલોડા વિસ્તારોમાં ગામથી દૂર આવેલા પછાત છાપરાવાળો હાચોલી રહેણાંક વિસ્તાર, ગામના પાદરે આવેલી વિશાળ તળાવમાં બિનજરૂરી વનસ્પતિ, ગંદુ પાણી અને ધણપથી મુઠિયા જતુ ક્રોસ કેનાલ ગામ પાસે આવેલ વરસાદી પાણીના નિકાલ માટેની ક્રોસ વિસ્તારમાં ખાસ વધુ મચ્છરોનો ઉત્પત્તિ ઉપદ્રવ ધરાવતો વિસ્તારોમાં આજુબાજુ રહેણાંક મકાનોમાં નાગરિકો મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે. ત્યારે આવા વિસ્તારોમાં વાહકજન્ય પાણીજન્ય રોગચાળો માથું ઉચકે તે પહેલાં સ્થાનિક તંત્ર દ્વારા ફોગિંગ છંટકાવ કરવા માટે આધુનિક ચાર્જિંગ મશીનની સવલત દ્વારા બોર ઓપરેટર અર્જુનજી ઠાકોર દ્વારા સંપૂર્ણપણે માસ્ક પહેરી દવાના છંટકાવ કરી રોગમુક્ત બને તેવા પ્રયાસો હાથ ધરાયા હતા.

# ચરેડી ફાટક પાસેથી ચોરીના મોપેડ સાથે યુવક ઝડપાયો



ગાંધીનગર, તા.૧૭

બોરીજમાંથી ચાર માસ પહેલા ચોરી થયેલા મોપેડ સાથે ચરેડી ફાટક પાસેથી એક શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે મોપેડ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે હેડ કોન્સ્ટેબલ મુકેશસિંહ દલપતસિંહ તેમજ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને બાતમી મળી હતી. જેમાં પેથાપુર સંત રોહિદાસ ફલેટ ખાતે રહેતો નિર્મલ શ્રીમાળી (ફલેટ નં.૨૦૨) ચોરીનું મોપેડ ફેરવતો હતો. પોલીસે તેને ચરેડી ફાટક પાસેથી મોપેડ નં. જી.જે.૧૮.ડી.એફ.-૯૨૨૦ સાથે પકડી પાડ્યો હતો.પોલીસે યુવકને મોપેડ અંગે પુછપરછ કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેને પગલે પોલીસે વધુ કડક પુછતાછ કરતા તેણે જણાવ્યું કે સાડાચાર માસ પહેલા બોરીજ ગામમાં રાત્રીના સમયે ગરબા જોવા માટે ગયો હતો. તે સમયે ઘરની પાસે મોપેડ પાર્ક થયેલુ પડ્યું હતું.જયારે મોપેડની ચાવી ઘરની બારીમાં પડી હતી. જેથી નિર્મલ શ્રીમાળીએ ચાવી થી મોપેડ ખોલીને જતો રહ્યો હતો અને ફેરવતો હતો. મોપેડ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ પણ નોંધાઈ છે.એલસીબી પોલીસે આરોપીની મોપેડ સાથે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેતરમાં રાયણના ઝાડ સાથે સાડી બાંધી યુવકનો આપઘાત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ઉવારસ ગામે ખેતરમાં રાયણના ઝાડ સાથે સાડી બાંધી ૩૫ વર્ષિય યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી દીધુ છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના વલાદ ગામના અને વર્ષોથી ઉવારસદ ગામે ખેતરમાં રહીને ખેતીકામ કરતા દર્શનકુમાર રાજેન્દ્રભાઈ વ્યાસ પત્ની સાથે રહેતા હતા. ત્યારે ઉવારસદ ગામના તળાવ થી નાળીયા તરફ જતા ખેતરમાં ગતરોજ થી આજે સવારના ૮ વાગ્યા પહેલા કોઈપણ સમયે અગમ્ય કારણોસર દર્શનકુમાર વ્યાસે રાયણના ઝાડ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતા અડાલજ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચી મૃતદેહ નીચે ઉતરાવી પીએમ અર્થે મોકલી આપી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચિલોડા ભાજપ દ્વારા બુથલેવલની બેઠક મળી

ચિલોડા, તા. ૧૭

રાજસ્થાનથી આવેલ ભાજપના પ્રવાસી પ્રભારી-કાર્યકર્તા ડૉ. જીતેન્દ્રજી અને તારાચંદ ચિલોડા ખાતે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક ચૂંટણીને અનુલક્ષી બુથ લેવલની મિટીંગ કરવામાં આવી હતી. આ બુથલેવલના અધ્યક્ષ સંજયજી ઠાકોર, ડી.કે. ઠાકોર, રમતુજી ઠાકોર, દિનેશભાઈ પટેલ, ફુલાજી ઠાકોર, નટુભાઈ પટેલ પત્રકાર, ભાજપના જિલ્લાકક્ષાના યુવા મોરચાના મંત્રી જૈમિનભાઈ પટેલ તથા અન્ય કાર્યકરો બુથલેવલની કામગીરીની વિગતવાર સમીક્ષા કરી મતદાન વધુ ફાયદારૂપ બને તેવા પ્રયાસો હાથ ધરવા સંપર્ક અભિયાન વેગવંત બને અને બુથલેવલે મતદારો વધુ જાગૃતતા કેળવે વગેરે ચૂંટણીલક્ષી બેઠક યોજી હતી. આ બેઠકમાં શક્તિકેન્દ્ર ચિલોડાના બુથ પ્રમુખે વોટ્સઅપ ઈન્ચાર્જની મીટીંગ યોજાઈ હતી.

# ગાંધીનગર ખાતે સાધુ સમાજ ખેડુત હક માટે એકઠો થયો



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના ઘ-૪ સ્વર્ણીમ ગાર્ડન ખાતે રાજયભરમાંથી સાધુ સમાજના ભાઈઓ મોટીસંખ્યામાં એકઠા થયા હતા. સરકાર સમક્ષ અનેકવાર પોતાની પડતર માંગણીઓ મુદે રજુઆત કરવામાં આવી હોવા છતા હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. ત્યારે રાજયભરમાંથી સાધુ સમાજ ગુજરાતના નેજા હેઠળ સાધુ-સંતો મોટીસંખ્યામાં એકઠા થઈ ખેડુત ખાતેદાર હક માટે માંગણી કરી હતી.

# ડીફેન્સ સેક્ટરને મજબુત બનાવવા અને રાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન આપવા NFSU એ સોફ્ટવેર એપ્લીકેશન વિકસાવી

ગાંધીનગર, તા.૧૭

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા ટેકનોલોજીની મદદથી સંરક્ષણ દળોને મજબૂત કરવા અને રાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન આપવા માટે ભારતીય સેના ની ત્રણેય પાંખ અને સેન્ટ્રલ આર્મર્ડ પોલીસ ફોર્સ માટે સોફટવેર એપ્લિકેશન અને સિસ્ટમ વિકસાવા સહિતના સંશોધન કાર્ય કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં એરફોર્સ માટે આવી એક સોફ્ટવેર એપ્લિકેશન તૈયાર કરીને એરફોર્સ ને આપવામાં આવી છે. ગાંધીનગર ખાતે શરૂ થનારા એક્સ્પો માં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી દ્વારા સંરક્ષણ ટેકનોલોજી સંબંધિત અત્યાધુનિક ઉપકરણોનું નિર્દર્શન કરવામાં આવનાર છે. આ અંગેની વિગતો આપતા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ના કુલપતિ ડો. જે. એમ. વ્યાસે જણાવ્યું હતુ કે ભારતીય સેનાની ત્રણેય પાંખ તેમજ સેન્ટ્રલ આર્મર્ડ પોલીસ ફોર્સ માટે સોફ્ટવેર એપ્લિકેશન અને સિસ્ટમ વિકસાવા સહિતના સંશોધન કાર્ય કરી રહી છે. સશસ્ત્ર દળોને અત્યાધુનિક ટેકનોલોજી થી માહિતગાર કરવા માટેની ટ્રેનિંગ પણ આપે છે. તેમણે જણાવ્યું હતું કે એનએફએસયુ એ ઈન્ટીગ્રેટેડ ઈન્ટેલિજન્સ ઓપરેશન સોફ્ટવેર સાયબર ડિફેન્સ ડિજિટલ ફોરેન્સીકસ બિહેવિયરલ સાયન્સ અને બેલેસ્ટિક ટેસ્ટિંગ સહિતના ક્ષેત્રોમાં વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો અને અત્યાધુનિક ટેકનોલોજી પ્રદાન કરવા માટે ભારતીય લશ્કર અંતર્ગત વાયુદળ ભૂમિદળ, નૌકાદળ ,?એનએસજી , એસપીજી અને અન્ય લૉ એન્ફોર્સમેન્ટ એજન્સીઓ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરારો કર્યા છે. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સશસ્ત્ર દળો અને સેન્ટ્રલ આર્મર્ડ પોલીસ ફોર્સને મદદરૂપ થવા માટે સેન્ટર ફોર ફ્યુચરિસ્ટિક ડિફેન્સ સ્ટડીઝ મહત્વપૂર્ણ કોમ્બેટ એપ્લિકેશન, ડ્રોન પ્લેટફોર્મ્સ એન્ટી ડ્રોન ટેકનોલોજી અને સિસ્ટમસ, ઉદ્ઘં સ્કેનિંગ સેન્સર્સ વગેરેના સંવેદનશીલ કાર્યોના વિકાસ માટે કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે આ સેન્ટર સશસ્ત્ર દળો અને સેન્ટ્રલ આર્મર્ડ પોલીસ ફોર્સ માટે ખૂબ જ ઉપયોગી છે જે અંતર્ગત ડ્રોન ફોરેન્સીસ ક્ષેત્રે મહત્વના સંશોધન પણ થઈ રહ્યા છે આ ક્ષેત્રે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વિશિષ્ટ કુશળતા અને અનુભવ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે ડ્રોન ફોરેનસિક્સ નો ઉપયોગ વ્યાપક ડ્રોન ડેટા બેઝ અને લાઈબ્રેરી બનાવવા માટે કરાય છે. સાથો સાથ સ્વદેશી ડ્રોન ડિટેકશન સિસ્ટમ ડ્રોન જામર્સ અને એન્ટી ડ્રોન કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ વિકસાવાનું કાર્ય પણ થઈ રહ્યું છે. ડ્રોન ટેકનોલોજી ડ્રોન ફોરેન્સીસ અને એન્ટી ડ્રોન સિસ્ટમ્સ ક્ષેત્રે ટ્રેનિંગ નું કાર્ય પણ આ યુનિવર્સિટીમાં ચાલી રહ્યું છે.

**નિવિદા ૧૬ સને ૨૦૨૨-૨૩**
**ફિઝીકલ**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**વિજળીકરણ કામના તેમજ અનુભવી ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬ ફોન નં. ૦૭૯ ૨૩૨૫૯૫૧૪ ગાંધીનગર દ્વારા વિજળીકરણના ૧ થી ૨ કામો જેની અંદાજીત કિંમત રૂા.૧૯,૦૮૯.૦૦ થી રૂા.૯૭,૭૩૯.૭૨ ની વચ્ચે છે.

જે માટે યોગ્ય શ્રીણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો તેમજ જે તે કામના અનુભવી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્રમાંક ૧ થી ૨ ના કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૨૯-૧૦-૨૦૨૨ (સમય ૧૬.૦૦) કલાક સુધી છે તથા ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા.૭/૧૧/૨૦૨૨ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

માહિતી /૧૭૬૩/૨૨-૨૩

